ફાગવેલ અને પાવાગઢના દર્શન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની કારને

# સાગબારાના કુંભીકોતરના ઢાળ પાસે અકસ્માત, એકનું મોત, સાત ઘાયલ

**ઈકો** ગાડીએ અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ઝાડ તથા સિમેન્ટના થાંભલા સાથે અથડાઈ

રાજપીપળાઃ સાગબારાના કુંભીકોતરના ઢાળ પાસે ફાગવેલ અને પાવાગઢના દર્શન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની મારુતિ ઈકો કાર અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં રોડ કિનારે આવેલા ઝાડ તથા ફેન્સિંગના સિમેન્ટના થાંભલા સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં એકનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે સાતથી વધુ લોકો નાની-મોટી ઈજા સાથે ઘાયલ થયા હતા.

સાગબારાના ખામપાડાના રહીશ બાદલભાઈ ટેડગીયાભાઈ વસાવા અને તેમના સાથીદારો ફાગવેલ અને પાવાગઢના દર્શન કરવા માટે ગાડી નં.(GJ-22-H-5865)માં નીકળ્યા હતા. ૨૬ ઓક્ટોબરના રોજ મોડી રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યાના સુમારે પરત ફરતી વખતે સાગબારાના કુંભીકોતરના ઢાળ પાસે ઈકો ગાડીના ચાલક ભીમસીંગભાઈ ગોરજીભાઈ વસાવાએ કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. એ બાદ કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાતાં વચ્ચેની સીટ પર બેઠેલા વિક્રમભાઈ વાસુભાઈ વસાવા (ઉં.વ.૪૬) (રહે., ખામપાડા)ને અને ડ્રાઈવરની બાજુમાં બેઠેલા પ્રકાશભાઈ ગોવિંદભાઈ વળવી કારમાં ગંભીર રીતે ફસાઈ ગયા હતા. આથી ગાડીમાંથી બહાર કાઢી તેમને સરકારી દવાખાને લઈ જનવાયા હતા. જ્યાં તબીબોએ વિક્રમભાઈને મૃત જાહેર કર્યા હતા. તો સેલંબાના પ્રકાશભાઈને ગંભીર ઈજા હોવાથી સાગબારા સરકારી હોસ્પિટલમાં સારવાર આપી વધુ સારવાર માટે રાજપીપળા સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા. ગાડીમાં સવાર હીરાલાલ પાડવી (રહે.,ડોંગરી પાડા, તા.અક્કલકૂવા, મહારાષ્ટ્ર), દશરથભાઈ તડવી (રહે.,સેલંબા), રવિદાસભાઈ વસાવા (રહે.,મંડાળા, તા. અક્કલકૂવા), ખામપાડાના સુરેશભાઈ વસાવા, ભાનુભાઈ વસાવા અને બાદલભાઈ વસાવાને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ૧૦૮ અને ૧૧૨ હેલ્પલાઈનને જાણ કરાતાં ટીમે સ્થળ પર પહોંચી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડ્યા હતા. સાગબારા પોલીસે આ મામલે ફરિયાદી બાદલભાઈ વસાવાની ફરિયાદના આધારે ગાડીના ચાલક ભીમસીંગભાઈ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રેલવેના ભંગારના વેચાણથી 320 કરોડની કમાણી કરી

**લક્ષ્યાંક** કરતા 28% વધુ કમાણી, પશ્ચિમ રેલવેનું નાણાકીય વર્ષમાં 500 કરોડનો લક્ષ્ય

સુરતઃ પશ્ચિમ રેલવેએ જૂના અને બિનઉપયોગી સામાનના વેચાણથી ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં 16 ઓક્ટોબર સુધીમાં લગભગ 320 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. સ્ક્રેપ વેચાણથી રેલવેએ 300 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. આ કમાણી નિર્ધારિત પ્રમાણસર લક્ષ્યાંક કરતા 28 ટકાથી વધુ છે. રેલવે હવે નાણાકીય વર્ષ માટે નક્કી કરાયેલા 500 કરોડ રૂપિયાથી વધુના કુલ સ્ક્રેપ વેચાણના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે.

માહિતી અનુસાર, 16 ઓક્ટોબર સુધી સ્ક્રેપ વેચાણનું પ્રમાણસર લક્ષ્ય 248.97 કરોડ રૂપિયા હતું, જ્યારે વાસ્તવિક વેચાણ લગભગ 320 કરોડ રૂપિયા રહ્યું હતું. એટલે કે નિર્ધારિત સમય સુધી લક્ષ્ય કરતા લગભગ 71 કરોડ રૂપિયા વધુનું વેચાણ કરવામાં આવ્યું છે.

### ઓક્ટોબરનું લક્ષ્ય પણ સમય પહેલાં પૂરું

રેલવેએ ઓક્ટોબર 2026 માટે સ્ક્રેપ વેચાણનું લક્ષ્ય 55 કરોડ રૂપિયા રાખ્યું હતું. વિશેષ અભિયાન દરમિયાન આ લક્ષ્ય પણ મહિનો પૂરો થતાં પહેલાં જ પાર કરી લેવામાં આવ્યું હતું. આનાથી સંકેત મળે છે કે રેલવે બિનઉપયોગી સામગ્રીની ઓળખ અને નિકાલ પર ઝડપથી કામ કરી રહ્યું છે.

### જૂના પાટાઓથી લઈને ઈ-કચરા સુધીનું વેચાણ

સ્ક્રેપમાં જૂના પાટાઓ, પી-વે એટલે કે પાટા સાથે જોડાયેલી સામગ્રી, બિનઉપયોગી એન્જિન, કોચ, માલગાડીઓ, ઈ-કચરો અને અન્ય જૂના ઉપકરણોનો સમાવેશ થાય છે. સમયસર તેની ઓળખ કરીને હરાજી અને વેચાણથી રેલવેને વધારાની આવક મળે છે.

# સુરત જિલ્લા પંચાયતમાં 14 કામ પર મંજૂરીની મહોર

**બારડોલીની** પ્રાથમિક શાળાઓનાં શેડ માટેની ગ્રાન્ટ રૂપિયા 51.35 લાખથી વધારી રૂપિયા 59.03 લાખ કરાઈ

સુરત : જિલ્લા પંચાયતના પ્રમુખ સમીર મોદીની અધ્યક્ષતામાં મળેલી સામાન્ય સભામાં માર્ગ-મકાનને લગતાં વહીવટી કામો, 16મા નાણાપંચની ગ્રાન્ટનું આયોજન, વાર્ષિક હિસાબો અને શૈક્ષણિક સુવિધાઓ સહિતના મુદ્દાઓ ચર્ચાયા હતા. અગાઉ મંજૂર કરાયેલાં બારડોલી તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શેડ બનાવવાનાં કામોની સૂચિત રકમમાં ફેરફાર કરીને રૂપિયા 59.03 લાખ મંજૂર કરાયા હતા, જ્યારે અગાઉનાં નવ કામોમાંથી બે કામ રદ કરવાનો નિર્ણય લેવાયો હતો.

વર્ષ 2026-27 માટે 16મા નાણાપંચ હેઠળ જિલ્લા કક્ષાની 10 ટકા ગ્રાન્ટ તથા ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટના આયોજનને મંજૂરી માટે વિકાસ કમિશનરની કચેરી ખાતે મોકલી આપવામાં આવ્યું હોવાની પણ ચર્ચા થઈ હતી. વર્ષ 2025-26ના જિલ્લા પંચાયતના વાર્ષિક હિસાબને મંજૂરી આપવામાં આવી હતી. જિ. પં.ના સ્વભંડોળ હેઠળ પ્રમુખની વિવેકાધીન જોગવાઈ અને સભ્ય જોગવાઈ યોજના અમલમાં છે. માર્ગદર્શિકામાં સાંસ્કૃતિક અને શૈક્ષણિક હેતુઓ માટે શેડ બનાવવાનાં કામોનો સમાવેશ કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી હતી.

### રેતી-કાંકરી ગ્રાન્ટનાં કામોમાં ફેરફાર

રાજ્ય સરકાર તરફથી જિલ્લા પંચાયતને દર વર્ષે મળતી રેતી-કાંકરીની ગ્રાન્ટ સ્વભંડોળમાં ગણવામાં આવે છે. આ ગ્રાન્ટમાંથી બારડોલી તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શેડ બનાવવા માટે અગાઉ રૂપિયા 51.35 લાખનાં કામો મંજૂર કરાયાં હતાં. હવે તેમાં ફેરફાર કરીને કુલ સૂચિત રકમ રૂપિયા 59.03 લાખ કરવામાં આવી છે. અગાઉ મંજૂર નવ કામોમાંથી કડોદ પ્રાથમિક શાળામાં ગર્લ્સ ટોયલેટ બનાવવાનું અને બારડોલીના હરીપુરા ગામની પ્રાથમિક શાળામાં શેડ બનાવવાનું કામ રદ કરવામાં આવ્યું છે.

### શિક્ષણ સમિતિમાં બે કો-ઓપ્ટ સભ્યોની પસંદગી

ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની કલમ 145 અને ગુજરાત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ બાબતના નિયમો, 1995 મુજબ શિક્ષણ સમિતિમાં ચૂંટાયેલા સભ્યો ઉપરાંત બે કો-ઓપ્ટ સભ્યોની નિમણૂક કરવાની જોગવાઈ છે. તેમાં શિક્ષણ ક્ષેત્રે ઓછામાં ઓછા દસ વર્ષનો અનુભવ ધરાવતી વ્યક્તિ અને ભારતમાં કાયદા દ્વારા સ્થાપિત યુનિવર્સિટીના સ્નાતક કેળવણીકારનો સમાવેશ થાય છે. આ બે સભ્યોની નિમણૂક કરવા માટે સામાન્ય સભામાં ઠરાવ કરવામાં આવ્યો હતો.

# 25 કરોડના ડ્રગ્સ કેસના આરોપીએ ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસનું ફાયરિંગ

**પગમાં** ગોળી વાગતાં ઘાયલ, આરોપીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો

અમદાવાદઃ અમદાવાદમાં રૂ.25 કરોડના ડ્રગ્સ કેસમાં સંડોવાયેલા આરોપી કફિલ અહેમદે પોલીસ જાપ્તામાંથી નાસી છૂટવાનો પ્રયાસ કરતાં પોલીસે ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં આરોપીના પગમાં ગોળી વાગતાં તે ઘાયલ થયો હતો. પોલીસે તેને ઝડપી લઈ તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. સાબરમતી રિવરફ્રન્ટ નજીક બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ, રૂ.25 કરોડના ડ્રગ્સ કેસમાં ધરપકડ કરાયેલા મુખ્ય આરોપી કફિલ અહેમદને પોલીસ રૂટીંન મેડિકલ ચેકઅપ માટે લઈ જઈ રહી હતી. આ દરમિયાન સાંજના સમયે સાબરમતી રિવરફ્રન્ટ નજીક પહોંચતાં આરોપીએ પોલીસ જાપ્તામાંથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીના નાસવાના પ્રયાસને પગલે પોલીસ જવાનોએ તેને પકડવા માટે દોડધામ કરી હતી. આ દરમિયાન આરોપી અને પોલીસ વચ્ચે ઝપાઝપી સર્જાઈ હતી. આ પરિસ્થિતિમાં આરોપીને ભાગતો અટકાવવા પોલીસેને પડકારી ગોળીબાર કર્યો હતો, જેમાં એક ગોળી આરોપીના પગમાં વાગતાં તે ઘાયલ થયો હતો. પોલીસ ગોળીબારની ઘટના બાદ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પોલીસે આરોપીને કાબૂમાં લઈ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

# વરાછામાં પરિણીતા પાસે દહેજમાં લાખો કઢાવી મારઝૂડ કરી કાઢી મૂકી

**દીયરનાં** લગ્ન, ધંધો અને મકાન માટે પિતાએ ઘરેણાં ગીરવે મૂકી 55 લાખ આપ્યા

સુરતઃ વરાછાના હીરાબાગ વિસ્તારમાં પરિણીતાએ પતિ અને સાસરી પક્ષના સભ્યોએ દહેજ પેટે કુલ ૫૫ લાખ રૂપિયાની માંગણી કરી અમાનવીય ત્રાસ ગુજાર્યાની ફરિયાદ નોંધાઈ છે.

કતારગામ અમૃતનગર ખાતે રહેતા સોનલબેન ભાવેશભાઈ સાવજના લગ્ન ૨૮ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સુરત ખાતે થયા હતા. તેમને સંતાનમાં ૧૦ વર્ષનો એક પુત્ર વિવાન છે. સોનલબેનના દાગીના તેમની જાણ વગર જ દિયર અંકુરની સગાઈના ખર્ચ માટે વેચી મારવામાં આવ્યા હતા. આટલું જ નહીં, મામા સસરા, મોટા સસરા, ફોઈસાસુ અને જેઠાણી દિયરના લગ્નના ખર્ચ માટે પિયરથી પૈસા મંગાવવાની જીદ કરતા હતા. સોનલબેને પોતાના પિતા પાસેથી ઉછીના નાણાં મેળવીને ટુકડે-ટુકડે રોકડા ૨૦ લાખ રૂપિયા પતિને આપ્યા હતા. પતિના ધંધા માટે સાડા આઠ લાખ અને દિયરના નવા ધંધા તથા મકાન માટે ૨૬ લાખ ૫૦ હજાર રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. આ મોટી રકમ માટે સોનલબેનના પિતાએ પોતાના ઘરના ઘરેણાં ગીરવે મૂકીને દીકરીને મદદ કરી હતી. ગત જૂન ૨૦૨૬માં સોનલબેને આ ૫૫ લાખ રૂપિયા પરત માંગતા પતિ ભાવેશ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી ગાલ પર લાફો મારી ઘરની બહાર ધક્કો મારી કાઢી મૂક્યા હતા. તેમણે પતિ ભાવેશ, સાસુ-સસરા, દિયર-દેરાણી સહિત કુલ ૯ જણા વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસ આપવાની ફરિયાદ નોંધાવી છે.

### પરિણીતા પર અત્યાચાર ગુજારનાર આરોપીઓ

ભાવેશભાઇ વિનુભાઇ સાવજ (પતિ),વિનુભાઇ હરીભાઇ સાવજ (સસરા), કોકીલાબેન વિનુભાઇ સાવજ (સાસુ), અંકુર વિનુભાઇ સાવજ (દિયર), નીધી અંકુર સાવજ (દેરાણી) (તમામ રહે., શિવધારા સ્કાયલાઇટ, શ્યામધામ મંદિર અયોધ્યા ચોક, સરથાણા જકાતનાકા), ઘનશ્યામભાઇ દુદાભાઇ રામપરીયા (મામા સસરા, રહે., ગૌરવપાર્ક સોસાયટી, જકાતનાકા), કનુભાઇ હરીભાઇ સાવજ (મોટા સસરા), સરોજબેન પરેશભાઇ સાવજ (બંને રહે., મમતા પાર્ક-૨, બંબાગેટની પાછળ, કાપોદ્રા), કાંતાબેન મધુભાઇ સખીયા (ફઈજી સાસુ) (ગોમ, ગોઢાવદર જિ.અમરોલી)

એક ક્લિકે શેરની ખરીદી, પણ માર્ગદર્શનનો અભાવ ! દ.ગુ.ના 7 જિલ્લાનાં

# 1,680 રોકાણકારોનાં અભ્યાસમાં ઓનલાઈન ટ્રેડિંગ પડકાર




**વ્યવહાર** ખર્ચ, ફંડ ટ્રાન્સફરમાં વિલંબ અને સુરક્ષાની ચિંતા મુખ્ય સમસ્યાઓ

સુરત : એક સમયે શેરબજારમાં રોકાણ કરવા માટે બ્રોકરની ઓફિસે જવું પડતું હતું, પરંતુ હવે મોબાઈલમાં એક ક્લિક કરતાં જ શેરની ખરીદી-વેચાણ શક્ય બની છે. ઓનલાઈન ટ્રેડિંગ એપ્લિકેશનના કારણે શેરબજાર સામાન્ય લોકોના મોબાઈલ સુધી પહોંચ્યું છે. જોકે, રોકાણની આ સરળતા વચ્ચે પૂરતું માર્ગદર્શન ન મળવું, વ્યવહાર ખર્ચ અને નાણાંની સુરક્ષા અંગેની ચિંતાઓ જેવા પડકારો પણ સામે આવી રહ્યા છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલા સંશોધનમાં દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓના 1,680 રોકાણકારોના અભ્યાસમાં આ મહત્ત્વનાં તારણો સામે આવ્યાં છે.

સંશોધન મુજબ, રોકાણકારો ઓનલાઈન ટ્રેડિંગ એપ્લિકેશનની સુવિધા અને ઉપયોગિતાને સ્વીકારે છે, પરંતુ વ્યવહારો દરમિયાન પૂરતું માર્ગદર્શન ન મળવું, ફંડ ટ્રાન્સફરમાં વિલંબ, ટેકનિકલ મુશ્કેલીઓ, વ્યવહાર ખર્ચ અને સુરક્ષા સંબંધિત ચિંતાઓ તેમના અનુભવને અસર કરી શકે છે. શેરબજારમાં રોકાણ કરવા માટે માત્ર મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ આવડવો પૂરતો નથી, પરંતુ રોકાણના નિર્ણયો પાછળનાં પરિબળો સમજવા અને વિશ્વસનીય સેવાઓ મેળવવી પણ જરૂરી છે.

VNSGU સાથે સંકળાયેલા સંશોધન બ્રિજેશકુમાર આર. ધીમ્મરે 'અ સ્ટડી ઓન ઇન્વેસ્ટર એટીટ્યૂડ ટુવર્ડ ઓનલાઈન શેર ટ્રેડિંગ એપ્લીકેશન વીથ સ્પેશિયલ રેફરન્સ ટુ સાઉથ ગુજરાત રીજન'વિષય પર આ સંશોધન કર્યું છે.

આ માટે દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓના 1,680 રોકાણકારો પાસેથી માળખાગત પ્રશ્નાવલી દ્વારા પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં આવી હતી.

બ્રિજેશકુમાર આર. ધીમ્મરએ વાણિજ્ય/આંકડાશાસ્ત્ર ફેકલ્ટી અંતર્ગત પીએચ.ડી. માટે આ સંશોધન કર્યું છે. તેમના માર્ગદર્શક ડો. પ્રતિક જે. શુક્લ ધ માંડવી એજ્યુકેશન સોસાયટીની બીબીએ, બીસીએ એન્ડ સાયન્સ કોલેજ, માંડવીમાં એસોસિયેટ પ્રોફેસર તેમજ કોમર્સ કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ અને બીબીએ વિભાગના વડા છે. કુલપતિ ડો. કિશોરસિંહ એન. ચાવડાના નેતૃત્વ હેઠળ યુનિવર્સિટી શૈક્ષણિક અને સંશોધનલક્ષી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી રહી છે.

### રોકાણકારોના વલણનો પણ અભ્યાસ

સંશોધનમાં રોકાણકારોની વસ્તી વિષયક લાક્ષણિકતાઓ અને રોકાણના નિર્ણયોને પ્રભાવિત કરતાં પરિબળો વચ્ચેના સંબંધની તપાસ કરવામાં આવી હતી. શેરની ખરીદી-વેચાણના નિર્ણયો પાછળ કયાં પરિબળો કામ કરે છે અને રોકાણકારો ઓનલાઈન ટ્રેડિંગને કેવી રીતે જુએ છે, તે સમજવાનો પ્રયાસ થયો છે.

# ચિરાગ ભરવાડનાં વચગાળાની જામીનની અરજી નામંજૂર

**ચિરાગે** ગર્ભવતી પત્નીની ડિલિવરી માટે વચગાળાના જામીન માંગ્યાં હતાં

સુરતઃ સુરતના ડિંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોગસ અને બનાવટી સાટાખત ઊભો કરી જમીન પચાવી પાડવાના ગુનામાં સંડોવાયેલા અને હાલ લાજપોર મધ્યસ્થ જેલ ખાતે બંધ આરોપી ચિરાગ રેવાભાઈ મેર ઉર્ફે ભરવાડે વચગાળાના જામીન મેળવવાની અરજી કરી હતી. ગર્ભવતી પત્નીની સાર સંભાળ અને નાણાકીય વ્યવસ્થા કરવા ૩૦ દિવસના વચગાળાના જામીન પર મુક્ત કરવા રજૂઆત કરવામાં આવી હતી. સરકાર પક્ષે એપીપી તેજસ પંચોલીએ તપાસ પોલીસ અધિકારીનું સોંગદનામુ રજૂ કરી દલીલ કરી હતી કે આરોપી સામે અગાઉ હાફ મર્ડર, મારામારી, પ્રોહિબિશન, લૂંટ, ધમકી આપવી અને ગુજસીટોક જેવા ગંભીર પ્રકારના આશરે ૧૪ જેટલા ગુના નોંધાયેલા છે. કલમ-૭૨ મુજબના વોરંટના આધારે તેની અટકાયત કરવામાં આવી હતી. આરોપીના પરિવારમાં તેની માતા, ભાઈ અને ભાભી હાજર છે, જેઓ અરજદારની પત્નીની સારવાર અને દેખભાળ કરી શકે તેમ છે. જો આરોપીને મુક્ત કરવામાં આવે તો માણસો દ્વારા ફરિયાદી તથા સાહેદોને ધાક-ધમકી આપે અને પુરાવાનો નાશ કરે તેવી શક્યતા રહેલી છે. બનાવની ગંભીરતા, આરોપીનો રીઢા ગુનેગાર તરીકેનો ઈતિહાસ અને પરિવારમાં અન્ય સભ્યો ઉપલબ્ધ હોવાની હકીકતને ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપીની વચગાળાના જામીનની અરજી નામંજૂર કરી હતી.

# JEE બે દિવસ વહેલી, NETનું શિડ્યૂલ પણ બદલાયું

સુરતઃ નવા શિડ્યૂલ મુજબ JEE Main ૨૦૨૭ સેશન-૧ હવે ૨૦થી ૨૪ જાન્યુઆરી અને ૨૮ જાન્યુઆરી દરમિયાન કુલ છ દિવસ યોજાશે. બીજી તરફ, અગાઉ તારીખો જાહેર ન કરાયેલી JEE Main સેશન-૨ની પરીક્ષા હવે ૨થી ૭ એપ્રિલ-૨૦૨૭ દરમિયાન યોજાશે. ડિસેમ્બર-૨૦૨૬ની CSIR-UGC NET પરીક્ષા અગાઉના બે દિવસને બદલે હવે ૧૯, ૨૨ અને ૨૭ ડિસેમ્બરે ત્રણ દિવસ યોજાશે. UGC NETની પરીક્ષા ૧૪થી ૧૮ અને ૨૧ ડિસેમ્બરે કુલ છ દિવસ લેવાશે. ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૭માં નિર્ધારિત NITTT પાર્ટ-૧ અને પાર્ટ-૨ની પરીક્ષાઓ નવા કેલેન્ડરમાંથી બાકાત કરાઈ છે. જોકે, SWAYAMની પરીક્ષા ૮થી ૧૨ ડિસે, ૨૦૨૬, NIFT પ્રવેશ પરીક્ષા ૧૦ જાન્યુ., સૈનિક સ્કૂલ પ્રવેશ પરીક્ષા ૩૧ જાન્યુ. અને CMAT ૭ ફેબ્રુઆરી-૨૦૨૭ના રોજ અગાઉના શિડ્યૂલ મુજબ યથાવત રહેશે.

# બોર્ડની 2027ની પરીક્ષા માટે રજિસ્ટ્રેશન શરૂ

**શાળાઓએ** ૧૭ નવેમ્બર સુધી અહેવાલ અપલોડ કરવો પડશે

સુરત : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૭ની બોર્ડ પરીક્ષાઓ માટે સ્કૂલ રજિસ્ટ્રેશન અને ટીચર રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સુરત શહેર અને ગ્રામ્ય માટે અલગ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ નવા ઈન્ડેક્સ નંબર ધરાવતી શાળાઓ માટે બોર્ડે લોગિન અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે.

બોર્ડની સૂચના મુજબ, આવી શાળાઓએ ઓનલાઈન સ્કૂલ રજિસ્ટ્રેશન પોર્ટલ પર નવા ઈન્ડેક્સ નંબર સાથે જૂના પાસવર્ડનો ઉપયોગ કરીને લોગિન કરવાનું રહેશે. શાળાઓએ વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ૧૭ નવેમ્બર સુધીમાં ઓનલાઈન અપલોડ કરવાનો રહેશે. ટીચર રજિ. અંતર્ગત શાળાઓએ નવા નિમણૂક પામેલા શિક્ષકોનાં નામ ઉમેરવાનાં રહેશે, જ્યારે નિવૃત્ત થયેલા અથવા રાજીનામું આપેલા શિક્ષકોનાં નામ દૂર કરવાનાં રહેશે. ત્યારબાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શિક્ષકોના વિષય, અનુભવની વિગતોની ચકાસણી કરવામાં આવશે. પરિપત્ર મુજબ, ચાલુ વર્ષે નવી નોંધાયેલી તમામ શાળાઓએ નવેસરથી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે, જ્યારે કાર્યરત શાળાઓએ પોતાની વિગતો અપડેટ કરવાની રહેશે. શાળાઓએ સમયમર્યાદામાં રજિસ્ટ્રેશન અને અહેવાલ અપલોડ કરવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

# કંપનીઓને રિટર્ન ફાઈલ કરવાની મુદત લંબાવાઈ

સુરતઃ કંપની એક્ટ 2013 હેઠળ વાર્ષિક વૈધાનિક ફોર્મ ભરતી કંપનીઓ માટે કેન્દ્ર સરકારે મોટી રાહત જાહેર કરી છે. કોર્પોરેટ અફેર્સ મિનિસ્ટ્રી દ્વારા સર્ક્યુલર જારી કરવામાં આવ્યો છે. કંપનીઓ ફાયનાન્શિયલ સ્ટેટમેન્ટ 31 ડિસેમ્બર અને એન્યુઅલ રિટર્ન હવે 31 જાન્યુઆરી સુધી ફાઈલ કરી શકશે.

મંત્રાલયને વિવિધ સ્ટેકહોલ્ડરો તરફથી નાણાકીય વર્ષ 2025-26 માટે ડ્યુ ડેટ લંબાવવાની રજૂઆત મળી હતી, જેને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આ પરિપત્રને એન્યુલ જનરલ મિટિંગ યોજવાની વૈધાનિક સમયમર્યાદા લંબાવવા તરીકે ગણવામાં આવશે નહીં. જે કંપનીઓ સંબંધિત વૈધાનિક સમયમર્યાદાનું પાલન નહીં કરે તેઓ કંપની એક્ટની સંબંધિત જોગવાઈઓ હેઠળ જવાબદાર રહેશે. આ પરિપત્રની સમયમર્યાદા પછી કરવામાં આવેલા કોઈપણ ફાઈલિંગ પર કંપનીઝ રૂલ્સ 2014 હેઠળ તમામ ફી, વધારાની ફી સહિત ચૂકવવી પડશે.


### સુધારો

તા. ૧૭/૧૦/૨૦૨૬ના રોજ ગુજરાત મિત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાતમાં આચાર્યશ્રી છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, રાજપીપલા (માહિતી - નર્મદા ૩૩૨/૨૬-૨૭માં ડિમાન્ડ ડ્રાફ્ટ રૂા.૧૦૦૦/- ને બદલે રૂા.૫૦૦/- એમ સુધારીને વાંચવાનું રહેશે. માહિતી/નર્મદા/૩૪૭/૨૦૨૬-૨૭


**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### તહેવારોમાં ડુંગળી...

ડુંગળીનો જથ્થાબંધ ભાવ કિલોએ રૂ.55 સુધી પહોંચ્યો હોવાથી છૂટક બજારમાં ભાવ રૂ.75થી 80 બોલાઈ રહ્યા છે.

બાબુભાઈ શેખના જણાવ્યા અનુસાર ચાલુ મહિને શ્રીલંકા, મલેશિયા, ઈન્ડોનેશિયા અને મધ્ય પૂર્વના દેશોમાં ડુંગળીની નિકાસની માંગ વધતાં સ્થાનિક બજાર પર પણ તેની અસર પડી છે. અત્યાર સુધી સુરતના માર્કેટ યાર્ડમાં કર્ણાટકથી ડુંગળીનો પુરવઠો આવતો હતો, પરંતુ ત્યાંનો માલ હવે પૂરો થયો છે. હવે મહારાષ્ટ્રના પુણે, નાસિક, લાસલગાંવ અને નિઝામપુરા વિસ્તારથી આવનારી ડુંગળી પર આધાર રહેશે. આ વિસ્તારોમાંથી આવતો જથ્થો સમગ્ર પશ્ચિમ ભારતમાં સપ્લાય થવાનો હોવાથી આગામી દિવસોમાં ડુંગળીના ભાવમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે.

### સુરતના રસ્તાઓ...

તંત્રના પાપે 'શોભાના ગાંઠિયા' સાબિત થઈ રહ્યા છે. શહેરના અનેક મહત્વપૂર્ણ વિસ્તારોમાં સિગ્નલો લાંબા સમયથી બંધ હાલતમાં જોવા મળી રહ્યા છે, તો કેટલાક સ્થળોએ સિગ્નલ માત્ર રેડ (લાલ) થઈને જ અટકી જાય છે પરંતુ કલાકો વીતી જવા છતાં ગ્રીન થવાનું નામ જ લેતા નથી. સિગ્નલની આ ટેકનિકલી ખામી કે વહીવટી બેદરકારીને કારણે રોજબરોજ હજારો વાહનચાલકો પારાવાર મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. સિગ્નલ રેડ રહેવાને કારણે વાહનચાલકો રાહ જુએ છે કે ક્યારે સિગ્લન ગ્રીન થશે અને સિગ્નલ ગ્રીન નહીં થતાં પાછળ લાંબી લાઈનો લાગી જાય છે. સુરતીઓ માંડમાંડ સિગ્નલો પાળતા થયા છે ત્યારે જાણે તેઓ ફરી સિગ્નલોને કુદાવે તેવી પરિસ્થિતિ સર્જવા માટે તંત્ર તેમને મજબૂર કરી રહી હોવાની સ્થિતિ છે.

### સિગ્નલ પર ઊભા રહેલા વાહનચાલકોનો આક્રોશ

સ્થાનિક વાહનચાલકો અને નોકરી-ધંધે જતા નાગરિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાહનચાલકોનું છે કે, 'એક તો રોડ પર ભારે ટ્રાફિક હોય છે અને ઉપરથી સિગ્નલ ચાલુ ન થતાં કલાકો સુધી એક જ જગ્યાએ ઊભા રહેવું પડે છે. કલાકો સુધી લાલબતી ચાલુ રહેવાને કારણે સમયનો બગાડ તો થાય જ છે, સાથે સાથે ઈંધણ પણ વેડફાય છે.'

### ટ્રાફિક પોલીસ...

પેટનું પાણી હલતું નથી. સિગ્નલો બંધ હોવા છતાં મોટાભાગના ચોકર્સ પર ટ્રાફિક પોલીસ જવાનો પણ ગાયબ જોવા મળે છે, જેના કારણે ટ્રાફિક નિયમન રામભરોસે ચાલી રહ્યું છે.

### અકસ્માતનું...

કારણે ગંભીર અકસ્માતો સર્જાવાની શક્યતાઓ પણ વધી ગઈ છે. તંત્રની આ અસંવેદનશીલતા અને બેજવાબદાર વલણને કારણે સુરતવાસીઓમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.

### ચોખા પહેલા...

વિવિધ જાતોના ભાવમાં આશરે 20 ટકાનો વધારો થયો છે. જ્યારે બાસમતી ચોખાની વિવિધ જાતોના ભાવમાં પણ 10 ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. વેપારીઓના જણાવ્યા મુજબ કોલમ ચોખાની મોટા ભાગની જાતો દક્ષિણ ભારતનાં રાજ્યોમાંથી સુરતના બજારમાં આવે છે. આ વિસ્તારોમાં વરસાદની શરૂઆત સારી રહી હતી, પરંતુ ચોમાસાના અંતિમ તબક્કામાં વરસાદ ઓછો પડતાં ચોખાના પાકને અસર પહોંચી છે. પરિણામે બજારમાં માલની આવક ઘટી છે. બીજી તરફ બાસમતી ચોખાના મુખ્ય ઉત્પાદક વિસ્તારો ગણાતાં હરિયાણા અને પંજાબ સહિતનાં રાજ્યોમાં ઓછા વરસાદની અસર પાકના ઉત્પાદન પર પડી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. તેના કારણે બાસમતી ચોખાની વિવિધ જાતોના ભાવમાં પણ વધારો થયો છે. ચોખાના ભાવમાં થયેલો આ વધારો દિવાળીના તહેવાર દરમિયાન સામાન્ય પરિવારોના રસોડાના બજેટને અસર કરી શકે છે. તહેવારોમાં ચોખાની માંગ વધવાની સંભાવનાને જોતાં દિવાળી બાદ પણ ભાવમાં વધુ વધારો થાય તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.


## સુરત મહાનગરપાલિકા
## જાહેર નોટીસ

FIT INDIA

સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૭૪૦, તા.૦૯/૧૦/૨૦૨૬ થી સુરત મહાનગરપાલિકાના સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં મંજુર ફાયનલ ટી.પી.સ્કીમ નં.૩૯ (ઉધના-લિંબાયત) માં સમાવિષ્ટ મીઠીખાડી બ્રીજથી મદનપુરા વેજીટેબલ માર્કેટ સુધીના ૨૪.૦૦ મી. પહોળાઈના ટી.પી. રસ્તાને ૩૦.૦૦ મી. પહોળાઈનો કરવા સદરહુ રસ્તાની બંને તરફ રસ્તારેખા નિયત કરવા બાબત.

આથી જી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ ની કલમ -૨૧૦ (૧) (બી) મુજબ જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૦૯/૧૦/૨૦૨૬ ના રોજ મળેલ સભામાં ઠરાવ નં.૧૭૪૦/૨૦૨૬ થી સાઉથ ઇસ્ટ ઝોન વિસ્તારમાં મંજુર ફાયનલ ટી.પી.સ્કીમ નં.૩૯ (ઉધના-લિંબાયત) માં સમાવિષ્ટ મીઠીખાડી બ્રીજથી મદનપુરા વેજીટેબલ માર્કેટ સુધીના ૨૪.૦૦ મી. પહોળાઈના ટી.પી. રસ્તાને ૩૦.૦૦ મી. પહોળાઈનો કરવા સદરહુ રસ્તાની બંને તરફ રસ્તારેખા નિયત કરવાનું ઠરાવવામાં આવેલ છે. ઉપરોક્ત ઠરાવથી ફાયનલ ટી.પી.સ્કીમ નં.૩૯ (ઉધના-લિંબાયત) ના નીચે જણાવેલ ફા.પ્લોટ નંબરોની મિલકતોને અસર થાય છે.

ફાયનલ ટી.પી.સ્કીમ નં.૩૯ (ઉધના-લિંબાયત) ના ફા.પ્લોટ નં. ૩૨, ૪૨, ૪૩, ૫૨, ૧૨૮, ૭૭, ૭૬, ૭૫, ૯૭, ૯૬, ૧૦૬, ૮૨, ૭૮, ૧૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૧૨૫, ૨૯, ૩૦.

આ નોટીસથી સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં વસતા તમામ શખ્સો તથા ઉપરોક્ત રસ્તારેખાથી અસર પામતી મિલકતના હક્ક / હિતસંબધ ધરાવતા તમામ શખ્સોને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત ઠરાવ / સૂચિત ફેરફાર અંગે જેઓને વાંધો હોય, તેઓએ તેમના લેખિત વાંધા / સૂચનો / રજૂઆત આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી એક માસની મુદતમાં સુરત મહાનગરપાલિકાને મોકલી આપવા.

ઉપરોક્ત ઠરાવ / સૂચિત ફેરફાર મુજબની રસ્તારેખા દર્શાવતા નકશાની નકલ સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગ, સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) ની કચેરીમાં જાહેર જનતાની જાણ તથા જોવા માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. રજાના દિવસો સિવાય ઓફીસ સમયમાં જાહેરાતના મુદત દરમ્યાન જોઈ શકાશે.

નં. પી.આર.ઓ./૩૦૯/૨૦૨૬-૨૭
તા. ૨૬/૧૦/૨૦૨૬

કમિશનર
સુરત મહાનગરપાલિકા



સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

રીજનલ ઓફિસ : ૪૧૬-૪૧૯, ચોથો માળ, યુટીસી બિલ્ડીંગ, નિર્મલ હોસ્પિટલની સામે, અડાજણ, સુરત-૩૯૫૦૦૧.

## પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અમલસાડ શાખાના** અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એક્ટ), ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત તા. ૨૨.૦૫.૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **શ્રી પુખરાજભાઈ ચીમનભાઈ શાહ અને શ્રીમતી લીલાબેન પુખરાજભાઈ શાહ** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૧૬,૭૩,૦૧૬/- (રૂા. સોળ લાખ તોતેર ત્રેસઠ હજાર સોળ પુરા)** ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ (૧૩)ની પેટા કલમ (૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૨૪.૧૦.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અમલસાડ શાખા** ના બાકી લેણા **રૂા. ૧૬,૭૩,૦૧૬/- (રૂા. સોળ લાખ તોતેર ત્રેસઠ હજાર સોળ પુરા)** ચડત વ્યાજ, કોસ્ટ અને અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે. (કલમ ૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

### સ્થાવર મિલકતની વિગત

શ્રી પુખરાજભાઈ ચીમનભાઈ શાહની માલિકની મિલકત જે ફલેટ નં. ૨, ક્ષેત્રફળ ૧૨૨૦ સ્કે.ફીટ યાને કે ૧૧૩.૩૮ સ્કે.મીટર, ૪/૮ બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સા વાળી જમીનનો ક્ષેત્રફળ ૧૨.૬૦ સ્કે. મીટર, કરચેલીયા ગામ પંચાયત હાઉસ નં. ૧૫૫૩, બીજો માળ, "ખુશબુ કોમ્પ્લેક્ષ" ના નામથી જાણીતી બાંધકામ વાળી બિલ્ડીંગ, ગામ-કરચેલીયા બ્લોક નં. ૬૭૭૧૬૬, બિન ખેતીલાયક જમીનનો ક્ષેત્રફળ ૫૨૦.૮૦ સ્કે.મીટર, જે કરચેલીયા, તાલુકા-મહુવા, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● ઉત્તરે : ફલેટ નં. ૩ ● પુર્વે : ખુલ્લી જમીન
● દક્ષિણે : ખુલ્લી જમીન ● પશ્ચિમે : રોડ

તારીખ : ૨૪.૧૦.૨૦૨૬
સ્થળ : અમલસાડ

(વિવાદીત સ્થિતીમાં અંગ્રેજીની માન્ય ગણાશે)

સહી/-
અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા



## ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ

જુની કલેક્ટર કચેરી, કણબીવગા, ભરૂચ
ફોન નં.(૦૨૬૪૨)૨૨૨૦૭૫/૨૨૨૦૭૩
Email:ceo.bauda@gmail.com

આઝાદી કા અમૃત મહોત્સવ

### ટેંડર નોટિસ ન.૨૪ ( ચોથો પ્રયત્ન)

ભરુચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા બૌડા વિસ્તારમા Construction of New Road Dahej By pass to Azad garden T.P.road (0/0 to 1/20 km.) under Bharuch- Ankleshwar Urban Development Authority કામો માટે ના માટે માન્ય ઇજારદારો પાસેથી ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેંન્ડરો મંગાવવામા આવે છે.કામોની નોટિસ http://tender.nprocure.com અને www.statetenders.gujarat.gov.in વેબ સાઇટ ઉપર ઓનલાઇન તા. ૨૭/૧૦/૨૦૨૬ થી તા. ૦૫/૧૧/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળશે,સદર કામ માટે ઓનલાઇન સબમિશનની છેલ્લી તારીખથી તા.૧૨/૧૧/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી ટેંન્ડર ફી તથા ઇ.એમ.ડી. તેમજ અન્ય ફિજીકલ ડોક્યુમેન્ટ ઓફલાઇન ફક્ત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ મારફતે રજુ કરવાના રહેશે અને તમામ દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઇન અપલોડ કરવાના ફરજીયાત રહેશે.આ અંગેની વધુ માહિતી કચેરી કામકાજના સમય દરમિયાન રુબરુ સમ્પર્ક સાધવાથી મળી શકશે, સરકારશ્રીના પ્રવર્તમાન નવા પરીપત્રો/નિયમો અન્વયે દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

| | |
|---|---|
| ટેન્ડર અપલોડ કરવાની તારીખ | તા. ૨૭/૧૦/૨૦૨૬ થી તા.૦૫/૧૧/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| કામની રકમ | ૫,૧૪,૭૦,૨૯૩.૦૦/- |
| ટેન્ડર ફી ની રકમ | ૧૮,૦૦૦.૦૦/- |
| ઇ.એમ.ડી. ની રકમ | ૫,૧૪,૭૦૩.૦૦/- |
| ટેન્ડર ફી, ઇ.એમ.ડી. તેમજ ફિજીકલ ડોક્યુમેંટ મોકલવાની છેલ્લી તારીખ. (by R.P.A.D. only/speed post only) | તા.૧૨/૧૧/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ખોલવાની તારીખ | ૧૩/૧૧/૨૦૨૬.(શક્ય હશે તો) |

(૧).સમય અવધિ પુર્ણ થયા પછી આવેલ ફિજીકલ ડોક્યુમેન્ટ ધ્યાને લેવામા આવશે નહીં.
(૨).સદર ટેંન્ડરીંગ માટે બૌડાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

કાર્યપાલક ઇજનેર
ભરુચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
ભરુચ

માહિતી/ભરૂચ/૪૨૪/૨૦૨૬